૧૪૨૬

# **-: પ્રેસ નોટ :-**

**શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ-૨૦૧૬-૧૭ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા અંદાજીત ૧૦,૨૫,૬૩૩ જેટલા બાળકોની વિનામૂલ્યે આરોગ્ય તપાસણી અને સારવાર કરવામા આવશે.**

સુરત મહાનગરપાલિકા દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત આંગણવાડીના બાળકો, ધોરણ ૧ થી ૧૨ મા અભ્યાસ કરતા ખાનગી અને સરકારી શાળાઓના ૧૮ વર્ષની ઉમર સુધીના બાળકો, નવજાત શિશુથી ૧૮ વર્ષની ઉમર સુધીના શાળાએ ન જતા તમામ બાળકો, આશ્રમ શાળા, વિશેષ શાળાના બાળકો, જુવેનાઇલ હોમના બાળકો, તેમજ પરંપરાગત ધાર્મિક શિક્ષણ આપતી સંસ્થાઓ અને અન્ય સંસ્થાના તમામ બાળકોની વિના મૂલ્યે આરોગ્ય તપાસ અને સારવાર કરવામા આવે છે. શાળા આરોગ્ય કાર્યક્રમ ૨૦૧૬-૧૭, આગામી તા. ૨૧/૧૧/૨૦૧૬ થી તા. ૨૧/૦૧/૨૦૧૭ દરમ્યાન અમલમા લાવવાનુ રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામા આવેલ છે.

આ કાર્યક્રમનો ઉદઘાટન સમારોહ આજ રોજ સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) ડો. હેમંત દેસાઇ સાહેબની અધ્યક્ષતામા નગર પ્રાથમિક શિક્ષણ સમિતી સંચાલિત ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણન નગર પ્રાથમિક શાળા ક્ર. -૮૪, કૃષ્ણ કુંજ સોસાયટી , અડાજણ, સુરત ખાતે આયોજિત કરવામા આવ્યો હતો, જેમા આરોગ્ય અધિકારીશ્રી ડો. આશિષ નાયક, નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. મહેન્દ્ર પટેલ, ડો. પ્રદીપ ઉમરીગર અને ડો. ચેતન ચોકસી તેમજ શાળાના આચાર્ય શ્રી સતિષભાઇ બારેવડીયા તથા આરોગ્ય વિભાગના કર્મચારીઓ, આંગણવાડીની બહેનો, શાળાનો શિક્ષક ગણ, શાળા આરોગ્ય તપાસણીની ડોકટરોની ટીમ તેમજ આ કાર્યક્રમના લાભાર્થી વિધાર્થિઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત નગર પ્રાથમિક શાળા ક્ર. -૮૪ ના વિધાર્થીનીઓએ પ્રાર્થના ગીત તથા સ્વાગત ગીત દ્વારા કર્યુ હતુ, ત્યાર બાદ ઉપસ્થિત મહાનુભાવોનુ પુષ્પ ગુચ્છ આપી સ્વાગત કરવામા આવ્યુ હતુ,

સ્વાગત પ્રવચન કરતા ડે. કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) એ પોતાના વકતવ્યમા જણાવ્યુ હતુ કે, વર્ષ ૨૦૦૪-૦૫ થી રાજ્ય સરકાર દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ સફળતા પૂર્વક અમલમા લાવવામા આવી રહ્યો છે. ગત વર્ષ ૨૦૧૫- દરમ્યાન આ કાર્યક્રમ અંતર્ગત કુલ -૧૬-૩૨૦૫ સંસ્થાઓના ૧૦,૦૨,૯૪૮ બાળકો ની આરોગ્ય તપાસ કરવામા આવી હતી, જેમા કુલ ૪૮,૦૧૨ બાળકોને નાની મોટી અલગ અલગ બિમારીઓ સંદર્ભે મેડીકલ ઓફિસરશ્રી દ્વારા સ્થળ ઉપર સારવાર આપવામા આવી હતી, જે પૈકી ૩૧૩૦ બાળકોને સંદર્ભ સેવા માટે રીફર કરવામા આવેલ હતા, સંદર્ભ સેવા માટે મોકલવામા આવેલા બાળકો પૈકી ઓકટોબર ૨૦૧૬ સુધીમા **હૃદય રોગ માટે ૩૩૧ –, કીડની ૪૫-, કેન્સર ૪૯-, કોક્લીયર ઇમ્પલાંટ ૦૩-, અને અન્ય નાની મોટી બિમારીના ૪૪ મળી કુલ લોકોને ૪૭૨ -ઓપરેશન સહિતની સુપર સ્પેશ્યાલીટી સારવાર પુરી પાડવામા આવેલ છે.**ચાલુ વર્ષે આ કાર્યક્રમ અંતર્ગત શહેરની સરકારી અને ખાનગી પ્રાથમિક તેમજ માધ્યમિકશાળાઓ મળી **૨૨૮૭ શાળાઓ અને ૧૦૬૦ આંગણવાડી તથા બાલવાડીઓ મળી કુલ-૩૩૪૭ જેટલી શૈક્ષણિક સંસ્થાઓના અંદાજીત ૧૦,૨૫,૬૩૩ જેટલા બાળકોની આરોગ્ય તપાસ અને વિના મૂલ્યે સારવાર કરવામા આવશે.** આ કાર્ય માટે સુરત મહાનગરપાલિકા દ્વારા ૪૨ શહેરી આરોગ્ય કેન્દ્ર ઉપરથી ૧૨૪ ટીમો કાર્યરત કરવામા આવી છે. આ કાર્યક્રમ અંતર્ગત બાળકોની આરોગ્ય તપાસણીમા સહકાર આપવા બાળકો, વાલીઓ અને શાળાના આચાર્યશ્રીઓને હાર્દીક અપીલ કરવામા આવી હતી. આ પ્રસંગે બાળકોની આરોગ્ય તપાસ ઉપરાંત વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ યોજવામા આવેલ હતો.

અંતમા આભાર વિધી નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. ચેતન ચોકસી દ્વારા કરવામા આવી હતી.




મહાનગર પાલિકા
RBSK
શાળા આરોગ્ય
તપાસણી કાર્યક્રમ

૧૪૨૭

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૧૯.૧૧.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ઘ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૬ ફાઈલના **રૂા.૦.૫૯ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૦૬ લોકેશન (ખાડા) ૮૯૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૫૭.૭૨** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–**૦૬** લોકેશન (ખાડા) **૨૪૫.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–**૦૮** લોકેશન, **૨૨૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૩,** પાણીના નવા કનેકશન કુલ : **૦૪** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૧,૭૫,૩૨૬**/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ઘ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૫૮** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ ૯૮ છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૧૧૬.૬** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ઘ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૫.૬૮** લાખ થયેલ છે., ૯ EC તથા **૫** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૪૯૨**/– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૮૦૦**/– વસુલ લેવામાં આવેલ છે**.,** ૩૪ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૯ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ઘ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૬** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૨૯.૪૯૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૩** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૯,૦૦૦**/– છે., તથા **વી.ડી.સી. વિભાગ ઘ્વારા** કુલ : **૧૦૩૩૯** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૩૨૪૫** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૦૩** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૮૦૮ કરવામાં આવેલ છે. જયારે **૧૧** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૪૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૨૧/૧૧/૨૦૧૬

## નાના વરાછામાં રસ્તા પૈકીની જગ્યાનો કબ્જો મેળવવામાં આવ્યો.

પૂર્વ(વરાછા)ઝોનમાં સમાવિષ્ટ મોજે : નાના વરાછાના બ્લોક નં. ૪૨, સર્વે નં. ૩૮/૧ વાળી ૪૫.૦૦ મી. ના ટી.પી. રોડની અસર હેઠળ આવતી આશરે ૭૬૧.૦૦ ચો.મી. (૮૧૮૮.૦૦ ચો.ફુટ) ના માપ વિસ્તાર કંપાઉન્ડ વોલનું બાંધકામ માજી મ્યુ.સભ્યશ્રી ગમનભાઈ પટેલ ધ્વારા સ્વૈચ્છિક સંમતિ આપી તેમના સહકારથી દુર કરી ટી.પી. રોડનો કબ્જો મેળવી રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

સદર કામગીરી એડી. સીટી. ઈજનેરશ્રીની સૂચના મુજબ કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ પૂર્વ(વરાછા)ઝોનના તમામ ડે.ઈજનેરશ્રીઓ, શહેર વિકાસ ખાતાના અધિકારીશ્રીઓ તથા દબાણખાતાના સ્ટાફ ધ્વારા શાંતિપૂર્ણ રીતે પાર પાડવામાં આવી હતી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.....1628.........
તા.૨૧/૧૧ /૨૦૧૬

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે જુદી જુદી સફાઈ કામગીરી અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૧૯ ઓકટોમ્બર ૨૦૧૬ના રોજ **"વર્લ્ડ ટોયલેટ ડે"** નિમિત્તે શહેરી ઝોન વિસ્તારમાં પ્રજાજનોના ઉપયોગ અર્થે બનાવવામાં આવેલ જાહેર પબ્લીક ટોયલેટ તથા પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકમાં ખામીઓ હોય તો તેનું રીપેરીંગ કામ કરાવવા તથા રંગરોગાન કરાવવા બાબતના પ્રોગામનું આયોજન તા.૧૬/૧૧/૧૬ થી તા.૩૦/૧૧/૧૬ દરમ્યાન આયોજન કરવા જણાયેલ હતું.

સદર થીમેટીક ડ્રાઈવના અનુસંધાનમાં તા.૧૭/૧૧/૨૦૧૬ થી તા.૧૮/૧૧/૨૦૧૬ મહાનગરપાલિકાના તમામ ઝોનનાં જુદા જુદા વિસ્તારમાં આવેલ જાહેર પબ્લીક ટોયલેટ તથા **"પે એન્ડ યુઝ"** ટોયલેટ બ્લોકમાં ખામી બાબતે આરોગ્ય વિભાગના સ્ટાફની ટીમો બનાવી તેના દ્વારા ચકાસણી કરી **<u>૧૨૯</u>** પે એન્ડ યુઝ ટોયલેટને રંગરોગાન કરાવવાની કામગીરી શરૂ કરાવ્યા બાદ **<u>૩૭</u>** પે એન્ડ યુઝના કોન્ટ્રાકટરોને ટોયલેટ બ્લોકમાં જુદીજુદી ખામીઓનું રીપેરીંગ કરવા બાબતની નોટીસ પાઠવવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

૧૪૩૦

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
### પ્રેસનોટ

સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ "સ્વચ્છ ભારત મિશન" સુધી અંતર્ગત સ્વચ્છ ભારત માટે જુદીજુદી સફાઈ કામગીરી અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૧૯ ઓકટોમ્બર ૨૦૧૬ના રોજ "**વર્લ્ડ ટોયલેટ ડે**" નિમિત્તે જાહેર પબ્લીક ટોયેલેટ તેમજ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકની કોન્ટ્રાકટરો/સફાઈ કામદારો, સખીમંડળ તથા નગરજનોનાં સહયોગથી સફાઈ માટે જણાવવામાં આવેલ છે.

સદર પોગ્રામના અનુસંધાનમાં તા.૧૯/૧૧/૨૦૧૬ના રોજ પે એન્ડ યુઝ ટોયલેટો તથા પબ્લીક ટોયલેટોની સફાઈ માટે કોન્ટ્રાકટરો, સફાઈ કામદારો, સખી મંડળો તથા નગરજનોની ટીમો બનાવી દરેક ઝોનમાં આવેલ જાહેર પબ્લીક ટોયલેટ તથા પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકને એસીડ, ફીનાઈલ, પાણી દ્વારા ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવી દરેક બ્લોકમાં ડામરની ગોળી/એર ફ્રેશનર મુકાવ્યા બાદ ટોયલેટ બ્લોકની આજુબાજુ ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવવામાં આવી હતી.

| જાહેર ટોયલેટ/પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક સફાઈની સંખ્યા | પે એન્ડ યુઝનાં સફાઈ અભિયાનમાં ભાગ લેનારની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|
| | કોન્ટ્રાકટરો | નગરજનો | સખી મંડળો | સુપરવાઈઝર | કામદાર |
| 81 | 30 | 207 | 63 | 36 | 108 |

દરેક વ્યકિતઓએ ઉત્સાહજનક ભાગ લઈ કામગીરી કર્યા બાદ સ્વચ્છતા અંગેના શપથ લીધા હતા.

૧૪૩૧

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ "સ્વચ્છ ભારત મિશન" સુધી અંતર્ગત સ્વચ્છ ભારત માટે જુદીજુદી સફાઈ કામગીરી અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૧૯ ઓકટોમ્બર ૨૦૧૬ના રોજ "**વર્લ્ડ ટોયલેટ ડે**" થીમેટીક ડ્રાઈવ મુજબ પે એન્ડ યુઝમાં કામ કરતા સફાઈ– કામદારોની મેડીકલ ચેકઅપ કરવા જણાવવામાં આવેલ છે.

સદર થીમેટીક ડ્રાઈવના અનુસંધાનમાં તા.૨૧/૧૧/૨૦૧૬ના રોજ દરેક ઝોનમાં આવેલ પે એન્ડ યુઝ ટોયલેટોની સફાઈ કામનીરી અર્થે રોકવામાં આવેલ દરેક કામદારોનું મેડીકલ ચેકઅપ અંગેનું આયોજન કરી દરેક સફાઈ કામદારોનું મેડીકલ ચેકઅપ કરાવવામાં આવ્યું હતું.

| જાહેર ટોયલેટ/પે એન્ડ યુઝ ટોયલેટની સંખ્યા | મેડીકલ ચેકઅપ કામદારોની સંખ્યા |
|---|---|
| 75 | 177 |

દરેક કર્મચારી તથા સફાઈ કામદારોએ ઉત્સાહજનક ભાગ લઈ કામગીરી કર્યા બાદ સ્વચ્છતા અંગેના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ્ત ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આયોજીત ''સ્વચ્છ ભારત મિશન''નાં પ્રચાર–પ્રસાર માટે ૦૭મી નવેમ્બરનાં રોજ કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રીશ્રી વેંકૈયા નાયડુએ સાયકલ રેલીને ફલેગ માર્ચ આપી જમ્મુ થી કન્યાકુમારી જવા માટે આરંભ કરાવવામાં આવેલ હતો.

જમ્મુથી નીકળેલા ૩૩(ત્રેત્રીસ) સાયકલ સવારોની રેલી ૨૧મી નવેમ્બરના રોજ સુરત ખાતે સાંજે આગમન થયેલ હતું. ૨૨મી નવેમ્બરના રોજ સવારે ૦૭:૦૦ કલાકે સાયકલ રેલીને સુરત થી કન્યાકુમારી તરફ રવાના કરવા તથા તેમનો ઉત્સાહ વધારવા માટે સુરત મહાનગરપાલિકા તરફથી સાયન્સ સેન્ટર ખાતે મા.શાસકપક્ષ નેતાશ્રી ગીરજાશંકર મીશ્રા, મા.આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી અનીલભાઈ બીસ્કીટવાલા, મા.મ્યુ.સભ્યશ્રી સોમનાથ મરાઠે, મા.મ્યુ.સભ્યશ્રીઓ, મા.ડે.કમિશનરશ્રી(ડી.)શ્રી એન.નાગરાજન તેમજ રોટરી કલબના સભ્યશ્રીઓ દ્વારા ફલેગ માર્ચ આપી રવાના કરવામાં આવેલ હતી.

વધુમાં આ રેલીને પ્રોત્સાહીત કરવા આરોગ્ય વિભાગનો સ્ટાફ તેમજ બહોળા પ્રમાણમાં મહાનુભાવો અને નગરજનોએ ઉત્સાહભેર હાજર રહયા હતા.

**''સ્વચ્છ ભારત મિશન''** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.


Rotary
Ministry of Urban D
Surat Municipal Corporatio
and Rotary
SWACHH BHARAT KASH
KASHMIR
TOUR DE
THE ROTARY FOUNDATION

૧૪૩૩

# પ્રેસનોટ

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

**તા.૨૧.૧૧.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૯ ફાઈલના **રૂા.૦.૯૪ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૦૭ લોકેશન (ખાડા) ૮૧૬.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૫૪.૬૭** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–**૦૪** લોકેશન (ખાડા) **૨૩૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–**૦૯** લોકેશન, **૨૭૭૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા સાઉથ ઝોન (ઉધના)માં પાંડેસરા શાક માર્કેટ અને ભીડભંજન સોસા. નજીકથી **૯ લારી–ગલ્લા**નું દબાણ દુર કરવામાં આવેલ અને **રૂા.૧૨૦૦/–** વહીવટી ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪,** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૨૫,૮૬૭/–** વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૩૮ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૨૪** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૧૬૨.૭૧** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૭.૭૦** લાખ થયેલ છે., **૨** EC તથા **૧** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૪,૮૦૦/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૪,૭૭૦/–** વસુલ લેવામાં આવેલ છે**.,** **૧૨૮** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૦** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૬ છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૨** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :**૧૯૬.૨૫૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૨** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૪,૧૦૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ :**૯૮૪૫** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૩૬૯૯** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ ૯૬ છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૮૯૫** કરવામાં આવેલ છે. જયારે **૨૫** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧૧,૬૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૧૪૩૪

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૨૨.૧૧.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૨૩** ફાઈલના **રૂા.૪.૩૪ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૦૮ લોકેશન (ખાડા) ૮૪૩.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૫૮.૧૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૭** લોકેશન (ખાડા) **૩૫૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૦૮** લોકેશન, **૨૩૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૫૬ (બમરોલી), આર–૨૮ હીરાદર્શન સોસા. ખાતે રીઝર્વેશન પ્લોટમાં ૪૦૦ ચો.ફુટ ચણતરનું ડીમોલીશન કરવામાં આવેલ અને સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૬૭(જીયાવ–સોનારી–ગભેણી), ફા.પ્લોટ નં.૪૦૩/એ, રાહતનગર સોસા., પ્લોટ નં.૩૧૭ ખાતે માર્જીનમાં બનાવેલ ૨૫ ચો.ફુટ આર.સી.સી સ્લેબનું ડીમોલીશન કરવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૩,** પાણીના નવા કનેકશન કુલ : **૦૪** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૪,૦૪,૮૩૪/**– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૨૦** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૩૪** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૧૪૯.૧૩** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૫.૧૨** લાખ થયેલ છે., ૮ EC તથા **૫** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૩,૬૪૨/**– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૫,૦૦૦/**– વસુલ લેવામાં આવેલ છે**.,** ૮૮ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૩ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૭** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :**૨૨૭.૮૧૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૪** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૧૦,૯૨૭/**– છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ :**૧૦૩૦૯** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૪૩૩૯** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૧૩** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૮૧૪** કરવામાં આવેલ છે. જયારે **૨૦** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૦૦૦/**– વસુલ લેવામાં આવેલ છે.

૧૪૩૫

**—: પ્રેસનોટ :—**

**<u>સાઉથ ઝોન (ઉધના)માં  તા.૨૨/૧૧/૨૦૧૬ ના રોજ  ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન(ઉધના) માં સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૫૬ (બમરોલી), આર–૨૮ હીરાદર્શન સોસા. ખાતે રીઝર્વેશન પ્લોટમાં ૪૦૦ ચો.ફુટ ચણતરનું ડીમોલીશન કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૬૭(જીયાવ–સોનારી–ગભેણી), ફા.પ્લોટ નં.૪૦૩/એ, રાહતનગર સોસા., પ્લોટ નં.૩૧૭ ખાતે માર્જીનમાં બનાવેલ ૨૫ ચો.ફુટ આર.સી.સી સ્લેબનું ડીમોલીશન કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા  કરવામાં આવેલ છે.

૧૪૩૬

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારતસરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૧૬/૧૧/૧૬ થી તા.૩૦/૧૧/૧૬ દરમ્યાનના **"વર્લ્ડ ટોયલેટ ડે"** નિમેત્તે તા.૨૨/૧૧/૧૬ના રોજ નકકી કરવામાં આવેલ ડ્રાઈ ડે, પે એન્ડ યુઝનાં કોન્ટ્રાકટર, સફાઈ કામદાર, સખીમંડળનાં સભ્યો તથા નગરજનોની મચ્છર અને મચ્છર ઉત્પતિ અંગેની સમજ આપી શહેરી ઝોન વિસ્તારમાં મહાસફાઈ અભિયાનની ઝુંબેશન તથા ડ્રાય ડે(વાહક જન્ય રોગ નિયંત્રણ) નું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૨૨/૧૧/૧૬ના રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારના સ્લમ વિસ્તારમાં મહાસફાઈ અભિયાન ઉપરોકત સભ્યોની સંયુકત ટીમો બનાવી મચ્છર જન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરી ડોમેસ્ટીકની કાર્યવાહી કરી મચ્છરના ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરોનો નાશ કરવાની ધનિષ્ઠ સફાઈ કામગીરી બાદ જંતુનાશક દવા/પાવડરનો છંટકાવ કરાવવામાં આવેલ.

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 23669 | 50559 | 252 | 7587 | 893 | 1501 | 66 | 18100 | 56 | 21832 | 8771 |

વધુમા પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે ઢકાંવાની કાર્યવાહી કરાવવામાં આવેલ હતી તેમજ રહીશોને સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

૧૪૩૭

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા, વી.ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ફોર એજયુકેશન તથા સેન્ટર ફોર કલ્ચરલ રિસોર્સીસ એન્ડ ટ્રેઈનીંગ, સાંસ્કૃતિક મંત્રાલય, ભારત સરકાર દ્વારા સંયુકત ઉપક્રમે સુરત મહાનગરપાલિકાની નગરપ્રાથમિક તથા માધ્યમિક શાળાના ૪૦ શિક્ષકો તથા વી.ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ફોર એજયુકેશનના તાલીમાર્થીઓ માટે ત્રણ દિવસીય વર્કશોપ " Cultural Education and CCRT's Role" વિષય આધારીત રહેશે. સદર વર્કશોપનું આયોજન તા.૨૪ થી ૨૬ નવેમ્બર, ૨૦૧૬ સુધી થનાર છે, જે પૈકી તા.૨૪ નવેમ્બર, ૨૦૧૬ના રોજ કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય ખાતે રાખવામાં આવેલ છે, જેમાં શિક્ષણમાં કલાનું મહત્વ, CCRT સંસ્થાનું શિક્ષણક્ષેત્રે પ્રદાન તથા તા.૨૫ નવેમ્બર, ૨૦૧૬ના રોજ સાયન્સ સેન્ટર સુરત ખાતે CCRT's " Role of Museum, Planetarium, Science Centre, Culture in Education" જેવા વિષયોથી માહિતગાર કરવામાં આવશે તથા તા.૨૬ નવેમ્બર, ૨૦૧૬ના રોજ વી.ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ફોર એજયુકેશનમાં સદર વર્કશોપનું સમાપન થનાર છે.

૧૪૩૮

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ તથા ડે.મ્યુ.કમિશ્નરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૭, નોંધ નં. ૪૧૦૩ પૈકી સબ પ્લોટ નં.૪, ઉનાપાણી રોડ, સુરત વાળી મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતાં અત્રેથી મિલ્કતદારને કાયદેસરની નોટીસ પાઠવવામાં આવેલ, જેનો અમલ મિલ્કતદાર ધ્વારા કરવામાં ન આવતાં, આશરે ૮૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબ તથા આશરે ૧૦૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ ચણતર પ્લાસ્ટરની દિવાલ સહિતનું ગેરકાયદેસર બાંધકામ આજે તા.૨૩/૧૧/૧૬ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦,૦૦૦/– વસૂલ લેવામાં આવેલ છે.

૧૪૩૯

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે જુદીજુદી સફાઈ કામગીરી અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૧૯ નવેમ્બર ૨૦૧૬ના રોજ "**વર્લ્ડ ટોયલેટ ડે**" નિમિતે તા.૨૩/૧૧/૨૦૧૬ના રોજ કોમ્યુનીટી ટોયલેટ, જાહેર બગીચા, તળાવ જોગીગ ટ્રેક વિગેરે સ્થળોએ આવેલ ટોયલેટ બ્લોકની સાફ–સફાઈ અને સેનીટેશન કામગીરીનું સુપરવિઝન કરવા માટે જણાવવામાં આવેલ છે.

સદર પોગ્રામના અનુસંધાનમાં તા.૨૩/૧૧/૨૦૧૬ના રોજ પે એન્ડ યુઝ ટોયલેટો તથા પબ્લીક ટોયલેટોની સફાઈ માટે કોન્ટ્રાકટરો, સફાઈ કામદારો, સખી મંડળો તથા નગરજનોની ટીમો બનાવી દરેક ઝોનમાં આવેલ કોમ્યુનીટી ટોયલેટ,જાહેર બાગબગીચા, તળાવ જોગીગ ટ્રેક ઉપર બનાવવામાં આવેલ ટોયલેટ બ્લોકને એસીડ, ફીનાઈલ, પાણીથી ધોવરાવવી કામગીરી કરાવી દરેક બ્લોકમાં ડામરની ગોળી/એર ફ્રેશનર મુકાવ્યા બાદ ટોયલેટ બ્લોકની અંદર તેમજ આજુબાજુ સેનીટેશનને લગતી કામગીરીનું સુપરવિઝન કરી ટોયલેટ બ્લોકમાં જણાયેલ ખામીઓ બાબતે કોન્ટ્રાકટર વિગેરે રીપેરીંગ માટેની નોટીસ પાઠવવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

| કોમ્યુનીટી ટોયલેટ બ્લોકની સંખ્યા | બાગબગીચાની સંખ્યા | તળાવની સંખ્યા | સખી મંડળો/ નગરજનોની સંખ્યા | રોકવામાં આવેલ કામદારની સંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા |
|---|---|---|---|---|---|
| 21 | 47 | 11 | 28 | 80 | 34 |

ઉપરોકત કામગીરીમાં સામેલ થયેલ વ્યકિતઓને સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

૧૪૪૦

# સુરત મહાનગરપાલિકા
# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન
# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૨૨/૧૧/૧૬ તથા તા.૨૩/૧૧/૧૬ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારના અલથાણ–ભીમરાડ(કેનાલ રોડ) પર આવેલ ટી.પી.સ્કીમ નં.૩૭(અલથાણ–સાઉથ), ફા.પ્લોટ નં.૮૮ માં આવેલ એટલાન્ટા શોપીંગ કોમ્પલેક્ષ વાળી મિલ્કતમાં બી.યુ.સી. મેળવ્યા બાદ ટેરેસવાળા ભાગે કોમર્શીયલ પ્રવૃત્તિ કરવા માટે ઉભુ કરવામાં આવી રહેલ અંદાજે ૮૫.૦૦ × ૫૫.૦૦ ફુટ નો લોખંડનો શેડ બનાવવા માટે ઉભા કરવામાં આવેલ સ્ટીલના કોલમ અને બીમને દૂર કરવામાં આવેલ છે.
- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૬(વેસુ), ફા.પ્લોટ નં.૨૪+૨૬, સબ પ્લોટ નં.૧ માં આવેલ શ્રુંગાર રેસીડેન્સીમાં ટાવર A to J ના પ્રથમ માળે કેનોપી ઉપર લોખંડની એંગલ નાંખી પતરાના છાપરા બનાવેલ જે દૂર કરી આશરે ૨૫૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

વધુમાં અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનમાં ટી.પી.સ્કીમ નં.૫(ઉમરા–નોર્થ)માં આવેલ સરગમ શોપીંગ સેન્ટરની પાછળ જતા ૪૦ ફુટના ટી.પી.રસ્તા પર તેમજ ટી.પી.સ્કીમ નં.૦૯(મજુરા)માં આવેલ ગુણાતીતનગર પાર્ટી પ્લોટ થી ઉમરાવનગર જતા ટી.પી.રસ્તા પર પ્લાસ્ટીક વેસ્ટ મટીરીયલ્સનો ઉપયોગ કરી આસ્ફાલ્ટ ડ્રમ મીક્ષ પ્લાન્ટના પ્રિમીક્ષ માલથી રસ્તા રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે તથા આવનાર દિવસોમાં આ પ્રકારની કામગીરી ચાલુ રાખવામાં આવશે.

સદરહું કામગીરી અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના સ્ટાફ, સીકયોરીટી સ્ટાફ તથા દબાણ સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

૧૪૪૧

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૨૩.૧૧.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૧૧** ફાઈલના **રૂા.૧.૫૬ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૧૨ લોકેશન (ખાડા) ૮૭૬.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ ૬૦.૦૯ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–૦૭ લોકેશન (ખાડા) **૨૪૫.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–૦૯ લોકેશન, **૨૦૭૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા સાઉથ ઝોન (ઉધના)માં પાંડેસરા જી.આઈ.ડી.સી. પાસેથી ૫–લારીનું દબાણ દુર કરવામાં આવેલ તથા **રૂા.૧૦૦૦/–** વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૩,** પાણીના નવા કનેકશન કુલ : **૦૪** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૨૨,૧૮,૬૬૪/–** વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૪૫** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા**: ૧૧૬** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૧૯૨.૧૩** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૬.૮૯** લાખ થયેલ છે., ૮ EC તથા ૬ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૪,૧૮૦/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૪,૮૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**., ૧૩૩** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૦૩** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૫** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૩** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટઃ **૨૩૦.૯૩૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૨** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૧૪,૪૦૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ **:૧૦૭૮૦** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૩૦૩૨** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૭૯** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૮૬૩** કરવામાં આવેલ છે. જયારે **૪૧** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૬,૬૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૧૪૪૨

# <u>પ્રે સ નો ટ</u>

ફુડ વિભાગના ફુડ ઈન્સ્પેકટર શ્રી એચ.જી.ગોહિલે તા. ૧૯/૦૬/૨૦૧૦ના રોજ ઠે. ૨૧ સી/૭૦,૭૧,પૈકી ૪૨ રેણુકાભવન,બોમ્બે માર્કેટ–પુણારોડ,સુરતનાં સ્થળે આવેલ " શ્રી મહેશ્વરી બેકરી " નામની સંસ્થાનાં માલિક શ્રી અનિલ જેરામભાઈ પ્રજાપતીની સંસ્થા ચેક કરતા પી.એફ.એ. એકટ હેઠળ મેળવવાનો થતો પરવાનો મેળવેલ ન હોય સુરત મહાનગરપાલિકાનાં મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ અને લોકલ હેલ્થ ઓથોરીટીશ્રી ડો.એચ.એસ.દેસાઈની મંજુરીથી નામદાર મ્યુનિ.કોર્ટમાં પી.એફ.એ. કેસ નં. ૨૯/૨૦૧૦ તા. ૦૩/૦૭/૨૦૧૦ થી જવાબદાર ઈસમ સામે કેસ દાખલ કરવામાં આવેલ. તથા ફુડ ઈન્સ્પેકટર શ્રી ડી.ડી.ઠાકોર તા. ૦૭/૦૪/૨૦૧૦ના રોજ ઠે.૨૨ એ, પહેલો માળ શિવાજી બિલ્ડીગ સરદાર એસ્ટેટ, ઉધના મગદલ્લા રોડ,ખરોદરા, સુરત નાં સ્થળે આવેલ " શીવ નમકીન " નામની સંસ્થાનાં માલિક શ્રી પલકેશ બાબુભાઈ પટેલ ની સંસ્થા ચેક કરતા પી.એફ.એ. એકટ હેઠળ મેળવવાનો થતો પરવાનો મેળવલ ન હોય સુરત મહાનગરપાલિકાનાં મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ અને લોકલ હેલ્થ ઓથોરીટીશ્રી ડો.એચ.એસ.દેસાઈની મંજુરીથી નામદાર મ્યુનિ.કોર્ટમાં પી.એફ.એ. કેસ નં. ૦૫/૨૦૧૦ તા. ૨૭/૦૪/૨૦૧૦ થી જવાબદાર ઈસમ સામે કેસ દાખલ કરવામાં આવેલ.

સદર કેસો નામદાર મ્યુનિ. કોર્ટમાં ચાલતા, જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) શ્રી વી.કે.બંસલ સાહેબે તા. ૧૯/૧૧/૨૦૧૬નાં રોજ આપેલ ચુકાદા મુજબે આ કામનાં આરોપીઓ શ્રી અનિલ જેરામભાઈ પ્રજાપતી અને શ્રી પલકેશ બાબુભાઈ પટેલને પી.એફ.એ. એકટ રૂલ–૫૦ અને ગુજરાતપી.એફ.એ. એકટ રૂલમ–૫ મુજબ સજા પાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવી આરોપીઓને ૫–૫ દિવસની કેદની સજા તથા રૂા. ૫૦૦/– – ૫૦૦/–નો દંડ ફરમાવવામાં આવે છે. જે મુજબનો હુકમ કરવામાં આવેલ છે.

૧૪૪૩

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૨૪.૧૧.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૧૫** ફાઈલના **રૂા.૫.૦૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૧૨ લોકેશન (ખાડા) ૮૮૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૬૦.૬૭** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૪** લોકેશન (ખાડા) **૧૭૫.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૨** લોકેશન, **૨૦૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪,** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૮૦,૦૦,૧૬૩/–** વસુલ લેવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૩૭ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૨૧** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૭૪.૯૩** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૮.૧૯** લાખ થયેલ છે., **૧૩** EC તથા **૫** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૮,૪૮૭/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૪,૪૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**., ૧૧૫** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૨** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૪** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટઃ **૨૩૦.૬૨૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૦** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૬૦૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ :**૧૧૮૨૦** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૬૪૭૧** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૧૪** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૮૧૪** કરવામાં આવેલ છે. જયારે **૪૮** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૮૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

# :: પ્રેસનોટ ::

## ખેલ મહાકુંભ–૨૦૧૬

## "રાજય કક્ષાની બેડમિન્ટન સ્પર્ધા"

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા આયોજીત અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, સુરત શહેર તથા એમ. એમ. પી. હાઈસ્કુલ, સુરત દ્વારા સંચાલિત રાજય કક્ષાની તમામ વયગૃપની બેડમિન્ટન સ્પર્ધાનું આયોજન તા.૨૭/૧૧/૨૦૧૬ થી તા.૦૬/૧૨/૨૦૧૬ દરમ્યાન પંડિત દીન દયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, સુરત ખાતે કરવામાં આવનાર છે. જેના ઉદ્દઘાટન સમારોહનું આયોજન તા.૨૭/૧૧/૨૦૧૬ને રવિવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે પંડિત દીન દયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા આવનાર ગુજરાત રાજયના ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને નિમંત્રણ છે.

# પ્રેસનોટ

| સુરત મહાનગરપાલિકા |
| --- |
| માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ |

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૧૮/૧૧/૨૦૧૬ થી તા.૨૪/૧૧/૨૦૧૬ દરમ્યાન નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન (લીબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૪૫,૬૨૦/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ. ૬,૫૮૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૮૨.૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૧૬.૬૦૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૯૮ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૧,૨૯,૨૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ –૯૦(એ)(૧) મુજબ –૧૫ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૧૧,૩૫૫ અને ૪,૧૨૫ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૧,૪૩,૭૩૦/– અને રૂા.૧,૭૧,૪૧૦/– રકમ મળી કુલ રકમ રૂા.૩,૧૫,૧૪૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

# <u>પ્રેસનોટ</u>

## સ્માર્ટ સીટી સમીટ– સુરત–કોન્ફરન્સ અને એકઝીબીશન

## ૨૫ અને ૨૬ નવેમ્બર– ૨૦૧૬

સ્માર્ટ સીટી મિશનમાનનિયવડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તા. ૨૫ જુન, ૨૦૧૫ ના રોજ જાહેર કરવામાં આવી. ત્યારબાદ આ યોજના અંતર્ગત ભારત દેશના પસંદગી પામેલ કુલ ૧૦૦ શહેર પૈકી સુરત શહેરનો સમાવેશ શહેરના વિકાસ માટે અત્યાર સુધી કરવામાં આવેલ નોંધનીય કામગીરીને કારણે થયેલ હતો.૨૮ જાન્યુઆરી ૨૦૧૬ ના રોજ ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલયના કેન્દ્રીય મંત્રી માન.શ્રી વેંકૈયા નાયડુ દ્વારા પ્રથમ ચરણમાં જાહેર કરેલ ૨૦ શહેરોના નામ પૈકી સુરત શહેરનો સમાવેશ ચોથા ક્રમે થયેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા ઈલેટસ (Elets) ટેકનો મીડીયા પ્રા. લી. ના સહયોગમાં "સ્માર્ટ સીટી સમીટ–સુરત કોન્ફરન્સ અને એકઝીબીશન" તા. ૨૫ અને ૨૬ નવેમ્બરના રોજ ગ્રાન્ડ ભગવતી હોટલ (TGB)ડુમસ રોડ,સુરત ખાતે આયોજન કરવામાં આવેલ છે.સ્માર્ટ સીટી સમીટ– સુરત– ૨૦૧૬કોન્ફરન્સ દેશના જુદા–જુદા ભાગમાં જાહેર થયેલ સ્માર્ટ સીટીના આયોજન તેમજ આધુનિક ટેકનોલોજી અંગે વિચાર– પરામર્શ કરવા માટે એક સુંદર તક પૂરી પાડશે. આ કોન્ફરન્સના વિશિષ્ટ માધ્યમદ્વારા દેશના તમામ સ્માર્ટ શહેરોના અનુભવ તેમજ મૌલિકવિચારોના આદાન–પ્રદાન શકય બનશે.આ સમીટના માધ્યમથી સ્માર્ટ સીટી મિશન અંતર્ગત એકઝીબીશનમાં વિવિધ બેંકો જેવી કે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા,બેંક ઓફ બરોડા,યસ બેંક વિગેરે તથા વિવિધ કંપનીઓ જેવી કે આઈ.બી.એમ.,નોકીયા,ઉબર,એચ.એસ.સી.સી.,ઈન્ડસ ટાવર વિગેરેતમામ કંપનીઓને પ્રવર્તમાન વલણ અને આધુનિક ટેકનીકનું પ્રદર્શન કરશે. જેના પરિણામે સ્માર્ટ સીટીના નવા આયોજનો માટે યોગ્ય નિર્ણય લેવાની સરળતા રહેશે.આ કોન્ફરન્સના પ્રસંગે સ્માર્ટ સીટીના આયોજન તેમજ અમલીકરણની પ્રક્રિયામાં સામેલ સરકારી તેમજ ખાનગી ક્ષેત્રમાંથી પ્રવકતાઓ, નિષ્ણાત વકતાઓ, નીતિ ઘડવૈયાઓ, નેતાઓ તેમજ અન્યસહભાગીઓએ ભાગ લીધેલ.

ઉકત પ્રોગ્રામનું ઉદઘાટન ગુજરાત રાજયનાં આદરણીય ડે.ચીફ મીનીસ્ટર–શ્રી નીતીનભાઈ પટેલના હસ્તકે કરવામાં આવ્યુ.ઉદઘાટન સમારોહમાં સાંસદ સભ્યશ્રી સી.આર.પાટીલ,શ્રીમતીદર્શનાબેન જરદોશ,ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ,શ્રીઅજયભાઈ ચોકસી,શ્રીનરોતમભાઈ પટેલ,મેયર–શ્રીમતી અસ્મીતાબેન શીરોયા,ડે.મયરશ્રી–શંકરભાઈ ચેવલી,પક્ષનેતાશ્રી–ગીરીજા શંકર મીશ્રાવિગેરેની ઉપસ્થીતીમાં પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી. સુરત મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સીટી અંતર્ગત કરવામાં આવેલ પહેલને

આદરણીય ડે.ચીફ મીનીસ્ટર–શ્રી નીતીનભાઈ પટેલ દ્વારા બિરદાવવામાં આવેલ તથા ગુજરાત તેમજ ભારતના અન્ય શહેરો પણ સુરતને અનુકરણ કરી શકે તે માટે સુજાવ રજુ કરેલ.

ઉદઘાટન વિધિના ભાગરૂપે એકઝીબીશનની ગોઠવણ પણ કરવામાં આવેલ જેમાં સુરત મહાનગરપાલિકા સહિતઅન્ય ખાનગી સંસ્થાઓ દ્વારા ડેમોસ્ટ્રેશન માટે જે સ્ટોલ ગોઠવવામાં આવેલ તે સૌની મુલાકાત આદરણીય ડે.ચીફ મીનીસ્ટર–શ્રી નીતીનભાઈ પટેલ દ્વારા લેવામાં આવેલ.


elets
NOKIA


elets
SMART CITY SUMMIT
SURAT
CONFERENCE EXPO
25-26 NOVEMBER 2016
THE GRAND BHAGWATI




BANK OF BARODA

પ્રથમ દિવસે વિવિધવિષય ઉપર ચર્ચા કરવા માટે આમંત્રીતો પૈકી જનારદન રેડ્ડી,કમિશનર,હૈદરાબાદ મહાનગરપાલિકા,શ્રીમતી અલકા મિશ્રા,સીનીયર ટેકની. ડાયરેકટર,એન.આઈ.સી.,આર.એસ.ચૌહાણ,દેહરાદુન મહાનગરપાલિકા વિગેરે દ્વારા સ્માર્ટ સીટી બાબતે પ્રેઝનટેશન રજુ કરેલ.ઉપરાંત ખાનગી સંસ્થાઓમાંથી પણ ઉચ્ચ લેવલનાં અધિકારીશ્રીઓ દ્વારા સુરત શહેરમાં વિવિધ તબકકે સ્માર્ટ સીટીને લગતા પ્રકલ્પો લઈ શકાય તે બાબતે પ્રેઝનટેશન રજુ કરેલ.

મુખ્યવિષયો જેના આધારે ૨ દિવસીયકોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ તે નીચે મુજબ છે.

1] Urban Local Bodies & SPVs: Driving Smart City Mission

2] Ensuring Safe Secure and Resillient Cities and Infrastructure With
The Help of Modern Day Technologies.

3] Building Smart Cities:Chandging The Urban Devolopement Scenerio.

4] Importance of Technology AndeGovernance& Smart Solutions For the Smart City EcoSystem.

5] Smart Transportation: Best Practices Across India & International
Experience.

6] Smart Healthcare In Smart Cities.

ઉપરાંત હાલ પરયંત સુરત શહેરમાં અમલમાં મુકવામાં આવેલ વિવિધ પ્રોજેકટનો ડેમોસ્ટ્રેશન કરવા અંગે તા.૨૬/૧૧/૧૬ ના રોજ આમંત્રીતો માટુે ફીલ્ડ વીઝીટ ગોઠવવામાં આવેલ છે.

૨ દિવસનીકોન્ફરન્સમાં મુખ્ય ઈવેન્ટ ઓર્ગેનાઈઝર તરીકે ઈલેટસ ટેકનોમીડીયા લીમીટેડ દ્વારા સંપુર્ણ આયોજન કરવામાં આવેલ.ઉપરાંત તમામ મળીને ૪૩૦ થી વધુ ડેલીગેટસ તરફથી કોન્ફરન્સમાં હાજરી આપવામાં આવેલ.

૧૪૪૭

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ

મુખ્યમંત્રી ગૃહયોજના (Gujarat Rural Urban Housing) અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા સાકારિત ૨૦૭૪ L.I.G.આવાસોની તથા ૧૪૪૮ E.W.S આવાસ તથા બી.આર.ટી.એસ. પ્રોજેકટ અંતર્ગત બી.આર.ટી.એસ બસ/સીટી બસની લોકાર્પણવિધિ તથા વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણવિધિ શ્રી વિજયભાઈ રૂપાણી માનનીય મુખ્યમંત્રી, ગુજરાત રાજય તથા શ્રી નીતિનભાઈ પટેલ માન.નાયબ મુખ્યમંત્રી,ગુજરાત રાજયના વરદ્હસ્તે તથા માનનીય મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના પ્રમુખ પદે કોઝ –વે રોડ,ડી–માર્ટ પાછળ,સીંગણપોર–ટુંકી,કતારગામ ખાતે તથા સંજીવકુમાર ઓડીટોરીયમ ખાતે સંપન્ન થયેલ.

આ પ્રસંગે ઉપસ્થિત માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તેમજ માન.નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલનું માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા તેમજ માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસને સાલ,મોમેન્ટો તથા પુસ્તક આપી સ્વાગત કરેલ તથા અન્ય મંચસ્થ મહાનુભાવોનું પણ પુસ્તક અર્પણ કરી સ્વાગત કરવામાં આવેલ.

માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તેમજ માન.નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ તથા અન્ય મંચસ્થ મહાનુભાવો ધ્વારા તકતીઓની અનાવરણવિધિ કરવામાં આવેલ તથા આવાસના લાભાર્થીઓને ચાવી અપર્ણ કરેલ તથા આવાસોમાં બનેલ કો.ઓ.હા.સો.ના પ્રમાણપત્ર સોસાયટીના પ્રમુખ/ઉપપ્રમુખને અર્પણ કરેલ.

આ પ્રસંગે માનનીય મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાએ તેમના પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું કે બી.આર.ટી.એસ બસ અને સીટી બસના વધુને વધુ ઉપયોગથી પ્રદુષણમાં ઘટાડો થશે અને લોકોને પોતાના પ્રાઈવેટ વાહનનો ઉપયોગ ઓછો કરી પ્રદુષણ નિયંત્રણ કરવામાં સહયોગ આપવા અનુરોધ કર્યો હતો .તેમણે વધુમાં જણાવેલ કે સોલાર રૂફટોપ પ્લાન્ટના ઉપયોગથી વધુમાં વધુ વીજળીની બચત થશે તથા સોલાર સીસ્ટમ માટે ઓનલાઈન અરજી કરનારનો આભાર વ્યકત કર્યો હતો.

વધુમાં તેમણે જણાવ્યું હતુ કે સુરત મહાનગરપાલિકા શહેરીજનોને પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં અગ્રેસર છે.શહેરના વિકાસ માટે અલગ–અલગ યોજનાઓ જેવી કે પરિવહન,પાણી,રોડ રસ્તા તૈયાર કરવા વિગેરેનું આયોજન તેમજ એક લાખથી વધુ સ્ટ્રીટ લાઈટ નિભાવવાની કામગીરી કરી વિકાસ કરવામાં આવેલ છે.માન.પ્રધાનમંત્રી તરફથી દેશમાં સ્માર્ટ સીટી યોજના અંતર્ગત શહેરના વિવિધ ક્ષેત્રે થયેલા વિકાસ કામોને ધ્યાનમાં લઈને સદર યોજનાના પ્રથમ ચરણમાં જ સુરત શહેરનો સમાવેશ કરવામાં આવેલ જે ગૌરવ પુર્ણ બાબત છે

આ પ્રસંગે માન.નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતુ કે સુરત મહાનગરપાલિકા તરફથી સતત વિકાસ કામો હાથ ધરવામાં આવી રહયા છે.જેમા સરકાર પુરતો સાથ સહકાર આપી પ્રોત્સાહિત કરી રહી છે.સરકારની મદદથી આવાસો તૈયાર કરી લોકોને અસર કરતી પ્રજાલક્ષી,ગરીબ લક્ષી યોજનાઓ પુરી પાડવામાં આવે છે.શહેરના વિકાસને જોતા સ્માર્ટ સીટીમાં સુરત શહેરની પસંદગી થવા બદલ અભિનંદન વ્યકત કરેલ અને સ્માર્ટ સીટીમાં પસંદગી થવાથી સરકાર તરફથી રૂા.૫૦૦ કરોડની ગ્રાંટ આપવામાં આવશે તથા સુરત મહાનગરપાલિકા લોકોને પ્રાથમિક સુવિધા આપવામાં હંમેશા અગ્રેસર રહયું છે.

આ પ્રસંગે માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સૌપ્રથમ સુરત મહાનગરપાલિકાને આ પ્રોજેકટોના લોકાર્પણ બદલ રાજય સરકાર તરફથી અભિનંદન પાઠવ્યા હતા.સુરત મહાનગરપાલિકા સમગ્ર સુરત શહેરના વિકાસલક્ષી કાર્યો કરી રહી છે અને છેલ્લા ઘણા વર્ષોમાં સુરત મહાનગરપાલિકા મકાન બનાવી રહી છે અને લોકોને અર્પણ કરી રહી છે.આવાસો એ વિકાસનો પાયો છે થયેલ વિકાસને અંત ન ગણી તેને વિકાસની શરૂઆત થયેલ છે તેમ ગણવા જણાવેલ.અગામી સમયમાં ગુજરાતનું જીવનધોરણ ઉંચુ લાવવા માટે સરકાર વિવિધ યોજનાઓ મુકવાની છે.

કાર્યક્રમના અંતે ડે.મયેર શ્રી શંકરલાલ ચેવલીએ ઉપસ્થિત મહેમાનો આભાર વ્યકત કરી કાર્યક્રમ સંપન્ન કરેલ.

આ પ્રસંગેશ્રી પુર્ણેશભાઈ મોદી માન.સંસદીય સચિવ,આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગુજરાત રાજય, શ્રી અજયકુમાર ચોકસી માન. દંડકશ્રી, ગુજરાત સરકાર, શ્રીમતી દર્શનાબેન જરદોશ માન.સાંસદ,માન.ધારાસભ્યશ્રી નરોત્તમભાઈ પટેલ, માન.ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, માન.ધારાસભ્યશ્રી હર્ષ સંઘવી, માન.ધારાસભ્યશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, માન.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ,માન.ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ,માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ,માન.નેતાશ્રી શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા, માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસન,માન. જિલ્લા કલેકટર શ્રી મહેન્દ્રભાઈ પટેલ,માન. પોલીસ કમિશનર શ્રી સતિષ શર્મા,વિવિધ સમિતિના ચેરમેનશ્રી, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ /કર્મચારીશ્રીઓ, લાભાર્થીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.









# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે જુદીજુદી સફાઈ કામગીરી અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૧૯ નવેમ્બર ૨૦૧૬ના રોજ "**વર્લ્ડ ટોયલેટ ડે**" નિમિતે તા.૨૪/૧૧/૨૦૧૬ તથા તા.૨૫/૧૧/૨૦૧૬ના રોજ કોમ્યુનીટી ટોયલેટ, જાહેર બગીચા, તળાવ, જોગીગ ટ્રેક વિગેરે સ્થળોએ આવેલ ટોયલેટ બ્લોકનું રીપેરીંગ કામ અને કલરકામ કરવા માટે જણાવવામાં આવેલ છે.

સદર પોગ્રામના અનુસંધાનમાં તા.૨૪/૧૧/૨૦૧૬ તથા તા.૨૫/૧૧/૨૦૧૬ના રોજ પે એન્ડ યુઝ ટોયલેટની સફાઈ માટે કોન્ટ્રાકટરો, સફાઈ કામદારો, સખી મંડળો તથા નગરજનોની ટીમો બનાવી દરેક ઝોનમાં આવેલ કોમ્યુનીટી ટોયલેટ, જાહેર બાગબગીચા, તળાવ, જોગીગ ટ્રેક ઉપર બનાવવામાં આવેલ ટોયલેટ બ્લોકમાં સેનીટેશનને લગતી કામગીરીનું સુપરવિઝન કર્યા બાદ આપવામાં આવેલ નોટીસ મુજબ કોન્ટ્રાકટર પાસે ખામીઓનું રીપેરીંગ કામ કરાવી ટોયલેટ બ્લોકને રંગરોગાન/કલરકામની કામગીરી કરાવવામાં આવેલ હતી.

| કોમ્યુનીટી ટોયલેટ બ્લોકની સંખ્યા | બાગ બગીચાની સંખ્યા | તળાવની સંખ્યા | રીપેરીંગ કામ કરેલ ટોયલેટ બ્લોકની સંખ્યા | કલરકામ કરેલ ટોયલેટની સંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા | કામદારની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| 81 | 15 | 5 | 45 | 36 | 14 | 45 |

ઉપરોકત કામગીરીમાં સામેલ થયેલ વ્યકિતઓને સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

# પ્રેસનોટ

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

**તા.૨૫.૧૧.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૧૭** ફાઈલના **રૂા.૪.૦૫ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૦૮ લોકેશન (ખાડા) ૮૭૭.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૬૪.૦૯** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–૦૮ લોકેશન (ખાડા) **૩૩૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–૦૯ લોકેશન, **૨૨૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા સાઉથ ઝોન (ઉધના)માં ઉધના રોડ નં.૬ પરથી **૧૧** લારી–ગલ્લાનું દબાણ દુર કરવામાં આવેલ તથા **રૂા.૧૦૦૦/**– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ, તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : ૦૩**,** પાણીના નવા કનેકશન કુલ : ૦૪ આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૨૦,૨૮૬/**– વસુલ લેવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૩૦ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૭૧** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૯૫.૭૫** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૮.૩૧** લાખ થયેલ છે., **૧૧** EC તથા **૧૦** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૪,૦૪૨/**– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૪,૧૦૦/**– વસુલ લેવામાં આવેલ છે**.**, **૧૦૮** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૪** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૯** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટઃ **૨૨૦.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૨** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૪,૮૦૦/**– છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ :**૧૨૭૧૯** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૭૬૦૪** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૦૧** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૭૪૭** કરવામાં આવેલ છે. જયારે **૩૪** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૪,૬૦૦/**– વસુલ લેવામાં આવેલ છે.

૧૪૫૦

# <u>પ્રેસનોટ</u>

## સેન્ટ્રલ ઝોન

## સુરત મહાનગરપાલિકા

આથી જણાવવાનું કે, મા.કમિશ્નરશ્રીના તા.૨૮/૧૧/૧૬ ના હુકમ મુજબ તેમજ ડે.મ્યુ.કમિશ્નરશ્રી, સેન્ટ્રલ ઝોન ના માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનના આરોગ્ય વિભાગ ધ્વારા આજરોજ દિલ્હીગેટ થી ચોકબજાર ચારરસ્તા સુધીના રાજમાર્ગ ઉપર આવેલ સંસ્થાઓ ધ્વારા પોતાની દુકાનોની સામે જાહેરમાર્ગ પર ચા ના કપ, વિમલ ગુટખાના ખાલી પાઉચ તેમજ ધંધાકીય કચરો નાંખવા બદલ જણાવેલ સંસ્થાઓ સામે પણ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**<u>–: સંસ્થાની વિગત :–</u>**

(૧) રાજાણી એન્જીનીયરીંગ (૨) વેલકમ ફુટવેર (૩) કે. કે. સીલેકશન (૪) યાદગાર એન્ટરપ્રાઈઝ (૫) ફેન્સી સુઝ (૬) ડાયમંડ ઈલેકટ્રોનીક (૭) નોવેલ્ટી રેડીમેઈડ સ્ટોર (૮) અમીન કલેકશન (૯) ક્રિસ્ટલ હોટલ (૧૦) રૂપાલી રેસ્ટોરન્ટ (૧૧) અમરનાથ ગારમેન્ટ (૧૨) મારૂતિ ઈલેકટ્રોનીક (૧૩) હોટલ ઓસ્ટ્રીયા (૧૪) ક્રિષ્ના બ્યુટીક (૧૫) ન્યુ રાજસ્થાન સેન્ટર (૧૬) ન્યુ અમરદીપ કલેકશન (૧૭) સફારી ફેશન વિગેરે....

(૧) ચેક કરવામાં આવેલ સંસ્થાઓની સંખ્યા :– ૧૮૭

(૨) વસુલ કરેલ વહીવટી ખર્ચ રૂા.૧૧,૬૦૦/–

(૩) ઈસમોની સંખ્યા :– ૭૩

(૪) આપવામાં આવેલ ચેતવણીની સંખ્યા :– ૧૧૧

(૫) જપ્ત કરેલ પ્લાસ્ટીકનો જથ્થો :– ૨.૨૦૦ કિ.ગ્રા.

૧૪૫૧

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે જુદીજુદી સફાઈ કામગીરી અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત ૧૯ નવેમ્બર ૨૦૧૬ના રોજ "**વર્લ્ડ ટોયલેટ ડે**" નિમિતે તા.૨૬/૧૧/૧૬ પે એન્ડ યુઝના કોન્ટ્રાકટરો/સફાઈ કામદારો, સખીમંડળના સભ્યો તથા નગરજનો દ્વારા EWS આવાસમાં સફાઈ અભિયાન કરવા માટે જણાવવામાં આવેલ છે.

સદર પોગ્રામનાં અનુસંધાનમાં તા.૨૬/૧૧/૧૬ના રોજ દરેક ઝોનમાં વિસ્તારનાં પે એન્ડ યુઝ કોન્ટ્રાકટરો/સખી મંડળના સભ્યો, સફાઈ કામદારો તથા નગરજનોની ટીમો બનાવી દરેક ઝોનમાં આવેલ જુદાં જુદાં EWS આવાસમાં સફાઈ કામગીરીનાં અભિયાનનું આયોજન કરી EWS આવાસોમાં ધનિષ્ઠ સફાઈ કરી કચરો કચરા મીશ્રીત માટીનાં ઢગલાઓનો નિકાલ કરી જંતુનાશક પાઉડરનો છંટકાવ કરાવવાની કામગીરી કરવામાં આવી હતી.

| EWS આવાસની સંખ્યા | ભાગ લીધેલની સંખ્યા | | | સુપરવાઈઝરની સંખ્યા | કામદારની સંખ્યા | નિકાલ કરેલ કચરો(મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|---|---|
| 33 | પે એન્ડ યુઝ કોન્ટ્રાકટર | સખીમંડળના સભ્યો | નગરજનો | 21 | 83 | 1.957 | 921 |
| | 62 | 61 | 147 | | | | |

ઉપરોકત કામગીરીમાં સામેલ થયેલ વ્યકિતઓને સ્વચ્છતા અંગે આરોગ્ય લક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

૧૪૫૨

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે જુદીજુદી સફાઈ કામગીરી અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત ૧૯ નવેમ્બર ૨૦૧૬ના રોજ "**વર્લ્ડ ટોયલેટ ડે**" નિમિતે તા.૨૮/૧૧/૧૬ પે એન્ડ યુઝ કોમ્યુનીટી ટોયલેટ, જાહેર બાગ બગીચા, તળાવ, જોગીંગ ટ્રેક વગેરે સ્થળોએ આવેલ ટોયલેટ બ્લોકની દિવાલ ઉપર સ્વચ્છ ભારતના બેનરોનું પેઈન્ટીંગ કરાવવા માટે જણાવવામાં આવેલ છે.

